# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai સંચાલિત
## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ
Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૦૭-૦૮-૨૦૧૬ • સમયઃ બપોરે ૨ થી ૫.૩૦ • શ્રેણી **૧૫** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 15**


પ્રશ્ન - ૧. :(ક) નીચેની ગાથાઓ ભાવાર્થ સહિત પૂર્ણ કરો (કોઈ પણ છ)

(૧) દંસણ ...................................... સમાહિએ

**જવાબ-૧ (ક)**

(૧) દંસણ વિણય આવસ્સએય, સીલવ્વએ નિરઈયારે ।
ખણલવ તવ ચ્ચિયાએ, વેયાવચ્ચે સમાહિએ ॥

<u>ભાવાર્થ :</u> સમકિત નિર્મળ પાળવાથી, વિનય કરવાથી, ઉભયકાળ આવશ્યક - પ્રતિક્રમણ કરવાથી, લીધેલ વ્રત પચ્ચક્ખાણ નિરતિચાર પાળવાથી, એક ક્ષણ કે લવ પ્રમાણ કાળમાં પણ સંવેગભાવ અને શુભ ધ્યાન (ધર્મ-શુકલ) ધ્યાયવવાથી, ૧૨ પ્રકારના તપથી નિર્જરા કરવાથી અભયદાન, સુપાત્રદાન દેવાથી, ૧૦ પ્રકારની વૈયાવચ્ચ કરવાથી, ચતુર્વિધ સંઘને સમાધિ (સેવા, શોભા) દેવાથી.

(૨) લબ્ભંતિ......................................ન લબ્ભઈ

જ. (૨) લબ્ભંતિ વિમલાભોએ, લબ્ભંતિ સુરસંપયા ।
લબ્ભંતિ પુત્તંમિત્તચ, એગો ધમ્મો ન લબ્ભઈ ।।

<u>ભાવાર્થ :</u> આ જીવને પૂર્વે અનેકવાર મનુષ્યના મનોરમ કામભોગો પ્રાપ્ત થયા છે. દેવભવ તથા દિવ્ય સંપદા પણ પ્રાપ્ત થઈ છે. પુત્ર, મિત્ર, કલત્ર આદિ પણ અનેકવાર મળ્યાં છે, પરતુ જીવને જૈન ધર્મની પ્રાપ્તિ થવી, અતિ દુર્લભ છે.

(૩) જેડસંખયા...................................સરીરભેએ

જ. (૩) જેડસંખયા તુચ્છ પરપ્પવઈ, તે પિજ્જ-દોસાણુગયા પરજ્ઝા ।
એ એ અહમ્મેત્તિ દુગુંછમાણે, કંખે ગુણે જાવ સરીર ભેએ ॥

<u>ભાવાર્થ :</u> જે અસંસ્કૃત, અંતઃકરણની શુધ્ધિથી રહિત, હલકા, પરનિંદા કરવાવાળા, રાગ-દ્વેષમાં અનુરક્ત, પૂર્વકૃત કર્મથી પરાધીન છે; તેઓ અધર્મના હેતુ છે એવું જાણી તેમના તરફ દુર્લક્ષ કરી જ્યાં સુધી શરીરનો અંત થાય નહીં ત્યાં સુધી સમ્યક્દર્શન આદિ ગુણોની આકાંક્ષા કરતો વિચરે.

(૪) ધમ્મારામે .................................... સમાહિએ

જ. (૪) ધમ્મારામે ચરે ભિકખુ, ધિઈમં ધમ્મસારહી ।
ધમ્મારામે રએ દન્તે, બંભચેર સમાહિ એ ॥

<u>ભાવાર્થ :</u> ધૈર્યવાન, ધર્મરથના સારથિ સાધુ ધર્મરૂપ બાગમાં સ્વાધ્યાય, ધ્યાન આદિ ધમક્રિયામાં વિચરણ કરે. ઈન્દ્રિયોનું દમન કરનાર, બ્રહ્મચર્યમાં સમાધિવંત સાધુ હંમેશાં ધર્મબાગમાં અનુરક્ત રહે.

(૫) મુહું મુહું ...................................... પઉસ્સે

જ. (૫) મુહું મુહું મોહ ગુણેજયંતં, અણેગ-રુવા સમણં ચરંતં ।
ફાસા ફુસંતી અસમંજ્ઞ સં ચ, ન તે સુ ભિકખુ મણસા પઉસ્સે ॥

<u>ભાવાર્થ :</u> નિરંતર શબ્દ આદિ મોહગુણને જીતતા, સંયમમાં વિચરતા સાધુને અનેક પ્રકારના શબ્દ આદિ વિષય, પ્રતિકૂળ રૂપથી પીડા આપે છે, છતાં પણ સાધુ તેના ઉપર મનથી પણ દ્વેષ ન કરે.

(૬) એગો ...................................... લકખણા

જ. (૬) એગો મે સાસઓ અપ્પા, નાણ-દંસણ સંજુમો ।
સેસામે બહિરા ભાવા, સવ્વ સંજોગ લકખણા ॥
ભાવાર્થ : મારો આત્મા એકલો છે, શાશ્વત છે, જ્ઞાન-દર્શનથી યુક્ત છે, તેના સિવાય બધા બાહ્ય ભાવ છે. સર્વ સંયોગરૂપ લક્ષણવાળા છે.

(૭) જે પાવ ...................................... ઉવેંતિ

જ. (૭) જે પાવકમ્મેહિં ધણં મણૂસા, સમાયયંતિ અમઈ ગહાય ।
પહાય તે પાસ-પયટ્ઠિએ નરે, વેરાણુબદ્ધા ણરયં ઉવેંતિ ॥
ભાવાર્થ : જે પાપકર્મ દ્વારા ધનને પ્રાપ્ત કરીને તેને, અમૃત સમાન સમજી તેનો સંચય કરે છે તે સંસારની સ્નેહજાળમાં ફસાયેલો તથા ઘણા જીવોની સાથે વેરભાવને બાંધતો, ધનને છોડીને અંતે નરકમાં ઉત્પન્ન થાય છે, ત્યાં તે ધન તેને શરણરૂપ થતું નથી.

(ખ) નીચેનામાં માગ્યા પ્રમાણે જવાબ લખો. (કોઈ પણ ૭ લખો)

(૧) ફળ ભોગવ્યા વિના કરેલાં કર્મોથી છુટકારો થતો નથી તે બતાવતી ગાથા લખો.

ખ)જ: (૧) તેણેર જહા સંધિમુહે ગહિએ, સકમ્મુણા કિચ્ચઈ પાવકારી ।
એવં પયા પેચ્ચ ઈહંચ લોએ, કડાણ કમ્માણ ણ મોકખ અત્થિ ॥

(૨) સાધુ-સાધ્વીની સેવા/સમાગમથી શું લાભ થાય છે તે બતાવતી ફક્ત ગાથા લખો.

જ.: (૨) સવણે નાણે ય વિન્નાણે, પચ્ચક્ખાણે ય સંજમે ।
અણાસવે તવે ચેવ, વોદાણે અકિરિયા સિદ્ધિ ॥

(૩) તીર્થંકર નામ કર્મ બાંધવાના કારણો બતાવતી ગાથા કયા સૂત્રમાં છે ?
તે અંગ છે કે ઉપાંગ ? તેમાંથી ૬ઠું અને ૧૮મું કારણ બતાવો.

જ.: (૩) તીર્થંકર નામકર્મ બાંધવાના કારણો બતાવતી ગાથા શ્રી જ્ઞાતાસૂત્રના અધ્યયન-૮ના આધારે તે અંગ છે. છઠ્ઠું કારણ - બહુશ્રુતના ગુણકિર્તન કરવાથી, ૧૮મું - નવું નવું અપૂર્વ તત્ત્વજ્ઞાન ભણવાથી.

(૪) હે જીવ ! પ્રમાદ ન કર... આવું બતાવતી ફક્ત ગાથા લખો.

જ.: (૪) અસંખયં જીવિય મા પમાયએ, જરોવણિયસ્સ હુ ણત્થિ તાણં ।
એવં વિયાણાહિ જણે પામત્તે, કિણ્ણુ વિહિંસા અજયા ગહિંતિ ॥

(૫) ભગવાન મહાવીરના પાંચમા ગણધરનું નામ આવતી હોય તે ફક્ત ગાથા લખો.

જ.: (૫) ચૌદ પૂરવધાર કહીએ, જ્ઞાન ચાર વખાણીએ ।
જિન નહીં પણ જિન સરીખા, સુધર્મા સ્વામીને જાણીએ ॥

(૬) રાજા શેનાથી શોભે છે ? સાધુ શેનાથી શોભે છે ?

જ.: (૬) હાથી, ઘોડા, રથ અને પાયદળ એ ચતુરંગિણી સેનાથી રાજા શોભે છે. નિર્વદ્ય, નિર્દોષ વાણીથી સાધુજનો શોભે છે.

(૭) જીવ કર્મ સંગ્રહ થવાથી ફરીફરીને ગર્ભમાં આવી જન્મ-મરણ કરે છે તે બતાવતી ફક્ત ગાથા લખો.

જ.: (૭) ઉમ્મુંચ પાસં ઇહ મચ્ચિએહિં, આરંભજીવી ઉભયાણુ પસ્સી ।
કામેસુ ગિદ્ધા ણિચયં કરંતિ, સંસિચ્ચમાણા પુણરિંતિ ગબ્ભં ॥

(૮) બ્રહ્મચર્ય વ્રતનો મહિમા બતાવતી ગાથા કયા સૂત્રમાં છે? બ્રહ્મચર્યનું ફળ બતાવતી ગાથા કયા સૂત્રમાં છે ?

જ.: (૮) બ્રહ્મચર્યનો મહિમા બતાવતી ગાથા શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર...શ્રુત સ્કંધ-૨, ૪થા દ્વારમાં છે. બ્રહ્મચર્યનું ફળ બતાવતી ગાથા શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન-૧૬ના આધારે છે.

(ગ) નીચેના શબ્દોના અર્થ લખો.

જવાબ સાથે

| | | | |
|---|---|---|---|
| (૧) અજયા | જવાબ : અસંયમી | (૫) ગહાય | જવાબ : ગ્રહણ કરી |
| (૨) ભણિયા | જવાબ : કહ્યા છે | (૬) જકખ | જવાબ : યક્ષો |
| (૩) વિયાણિયા | જવાબ : જાણે | (૭) પરિસંક્રમાણો | જવાબ :ધ્યાન રાખતો |
| (૪) સિઢિલે | જવાબ : શિથિલ થતા | (૮) પડિલેહ | જવાબ :સમન્વય કર |

(ઘ) **નીચેના શબ્દોનું માગધી લખો (કોઈ પણ ચાર)**

**જવાબ (ઘ)** (૧) ભોગવવાના સમયે **જવાબ : વેયકાલે** (૫) દુર્બળ **જવાબ : અબલ**

(૨) પ્રભાવના **જવાબ : પભાવણયા** (૬) શાંત કરે **જવાબ : રકખેજજ**

(૩) દેવસંપત્તિ **જવાબ : ......** (૭) વાત્સલ્ય **જવાબ : વચ્છલ્લયા**

(૪) દેવ સંપત્તિ : **જવાબ : સુરસંપયા** (૮) હોય છે. **જવાબ : સત્**

---

**પ્રશ્ન – ૨ :છ લેશ્યાના આધારે જવાબ લખો :**

(૧) લેશ્યાના દ્વાર કેટલા ? તેમાંથી ૬ઠ્ઠા, ૮મા, ૧૧માં દ્વારનું નામ લખો.

**જવાબ-૨:(ક) (૧) લેશ્યાના દ્વાર ૧૧ છે. ૬ઠ્ઠો - પરિણામ દ્વાર, ૮મો - સ્થાનક દ્વાર, ૧૧મો - ચ્યવન દ્વાર છે.**

(૨) કૃષ્ણ લેશ્યાના લક્ષણો લખો. (કોઈ પણ ચાર લખો)

**જ.: (૨) કૃષ્ણ લેશ્યાના લક્ષણો - ૧) પાંચ આશ્રવનો સેવનાર ૨) ત્રણ અગુપ્તિવંત ૩) છ'કાય જીવનો હિંસક (૪) આરંભનો તીવ્ર પરિણામી તથા દ્વેષી ૫) પાપ કરવામાં સાહસિક (૬) કઠોર પરિણામી ૭) જીવ હિંસા સૂગ રહિત કરનાર ૮) અજિતેન્દ્રિય.**

(૩) કાપોત લેશ્યાનો રસ લખો.

**જ.: (૩) કાપોત લેશ્યાનો રસ - જેવી કૂણી કાચી કેરીનો રસ, જેવો તુવેર અને કાચા કોઠાનો રસ એથી અનંતગુણો ખાટો રસ.**

(૪) સનતકુમારદેવને જે લેશ્યા હોય તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ લખો.

**જ.: (૪) સનતકુમાર ત્રીજા દેવલોકના દેવ છે. તેને પદ્મ લેશ્યા હોય તેની જઘન્ય સ્થિતિ ૨ સાગર અને ઉત્કૃષ્ટ - ૧૦ સાગરને અંતમુહૂર્ત અધિક છે.**

(૫) સિમંધર સ્વામીને કઈ લેશ્યા હોય ? સિદ્ધ ભગવાનને કઈ લેશ્યા હોય ? કાચી કેરીને કઈ લેશ્યા હોય ? ત્રીજી નરકના નારકીને કઈ લેશ્યા હોય ?

**જ.: (૫) સિમંધર સ્વામીને - પરમ શુક્લ લેશ્યા, સિદ્ધ ભગવાન - અલેશી, કાચી કેરી - કૃષ્ણ, નીલ કાપોત, ત્રીજી નરક - નીલ અને કૃષ્ણ.**

(૬) <u>મને ઓળખો, હું કઈ લેશ્યા છું.</u>

**જવાબ સાથે :**

i) મારો રસ ખજૂર કરતાં પણ મીઠો છે. જવાબઃ i) શુકલ લેશ્યા

ii) હું રસનો લોલુપી છું. જવાબઃ ii) નીલ લેશ્યા

iii) મોગરાના ફૂલ કરતાં અધિક શ્વેત વર્ણ મારો છે. જવાબઃ iii) શુકલ લેશ્યા

iV) પોતાના દોષો છુપાવનાર છું. જવાબઃ iV) કાપોત લેશ્યા

Vi)) મારી જઘન્ય સ્થિતિ પલ્યનો ૮મો ભાગ છે. જવાબઃ Vi) જયોતિષી દેવોમાં તેજોલેશ્યાની

૬) કોયલની પાંખ જેવો મારો વર્ણ છે. જવાબઃ Vii) કાપોત લેશ્યા

**(ખ) લેશ્યાનો સ્પર્શ દ્વાર લખો.**

**જ.:(ખ) <u>સ્પર્શ દ્વાર :</u> જેવી કરવતની ધાર, જેવી ગાયની જીભ, જેવું મુંજનું તથા સાગનું પાન તે કરતાં તે અનંતગુણો માઠો અપ્રશસ્ત લેશ્યાનો કર્કશ (ખરબચડો) સ્પર્શ જાણવો. જેવી બૂર નામે વનસ્પતિ, જેવું માખણ, જેવાં સરસવનાં ફૂલ, જેવું મખમલ એ કરતાં અનંતગુણો અધિક પ્રશસ્ત લેશ્યાનો સ્પર્શ સુંવાળો જાણવો.**

---

**પ્રશ્ન – ૩ :અષ્ટપ્રવચન માતાના આધારે જવાબ લખો.**

(૧) માંડલાના દોષ કેટલા ? વિસ્તારથી સમજાવો.

જવાબ -૩:(૧) **માંડલના દોષ પાંચ છે ૧) સંયોગ - સ્વાદ ખાતર બીજી વસ્તુ ભેળવવી તે. ૨) પરિમાણ - ભૂખથી વધુ ખાવું (૩) અંગાલઃ વખાણ કરીને ખાવું (૪) ધૂમ વખોડીને ખાવું (૫) કારણ - વિના કારણ ખાવું, ભૂખવગર ખાવું.**

(૨) દ્રવ્યથી કેટલા પ્રકારની ભાષા ન બોલાય ? કઈ કઈ ?

જ.: (૨) દ્રવ્યથી ૮ પ્રકારની ભાષા ન બોલાય, તે કર્કશ, કઠોર, છેદકારી, ભેદકારી, માર્મિક,, મૃષા,સાવદ્ય અને નિશ્ચયકારી.

(૩) ગુપ્તિ એટલે શું ?

જ.: (૩) ગુપ્તિ એટલે ગોપવવું. બુદ્ધિ અને શ્રદ્ધાપૂર્વક, મન, વચન, કાયાને ઉન્માર્ગથી રોકવા તથા આત્મગુણોની રક્ષા કરવી તે ગુપ્તિ.

(૪) સાધુ કેટલા પ્રકારના પાત્રા વાપરે? તેના નામ લખો.

જ.: (૪) સાધુ ત્રણ પ્રકારના પાત્રા વાપરે, તે કાષ્ટના, માટીના, તુંબીના.

(૫) સાધુ દ્રવ્યથી કેટલા સ્થાનમાં પરઠે નહીં ? કોઈ પણ ત્રણ લખો.

જ.: (૫) સાધુ દ્રવ્યથી ૧૦ સ્થાનમાં પરઠે નહીં. તે ૧) માણસોની આવ-જા થતી હોય ત્યાં ૨) જીવની ઘાત થાય ત્યાં ૩) વિષમ-ઊંચી-નીચી ભૂમિ ૪) પોલી ભૂમિ પર ૫) સાંકડી ભૂમિમાં ૬) તરતની અચેત ભૂમિમાં ૭) જીવોના બિલ હોય ત્યાં ૮) લીલ-ફૂગ હોય ત્યાં.

(૬) મનગુપ્તિ દ્રવ્યથી અને કાયગુપ્તિ ભાવથી લખો.

જ.: (૬) મન ગુપ્તિ દ્રવ્યથી - આરંભ - સમારંભમાં મન ન પ્રર્વતનાવે.
કાય ગુપ્તિ - ભાવથી - સાવદ્ય યોગ (પાપકારી કાર્યો) ન પ્રર્વતાવે (ન સેવન કરે)

(૭) સાધુને કેટલી પછેડી હોય ? સાધ્વીને કેટલી પછેડી હોય ?

જ.: (૭) સાધુ ૩ પછેડી રાખે, સાધ્વી ૪ પછેડી રાખે.

(૮) <u>મને ઓળખો હું કઈ સમિતિ કે ગુપ્તિ છું.</u>

જવાબ સાથે : ૧) કુમાર્ગ છોડીને સુમાર્ગે ચાલવું. જવાબ : ઈરિયા સમિતિ
૨) ચાર વિકથા ન કરે જવાબ : વચન ગુપ્તિ
૩) મમતા રહિત સંયમ સાધન સમજીને ભોગવે. જવાબ : આદાન
૪) રસ્તે ચાલતા ન બોલે. જવાબ : ભાષા સમિતિ

---

**પ્રશ્ન - ૪ :સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો. (કોઈ પણ પાંચ)**

(૧) સ્વાધ્યાયના પ્રકાર કેટલા ? તેનાં નામ લખો.

જવાબ - ૪ : (૧) સ્વાધ્યાયના પ્રકાર પાંચ, તે વાયણા, પુચ્છણા, પરિયટ્ટણા, અનુપ્રેક્ષા, ધર્મકથા.

(૨) પાઢિયારુ એટલે શું ? પાઢિયારા દાનના નામ લખો.

જ.: (૨) જે આપીને પાછી લેવાય તેવી વસ્તુને પાઢિયારુ કહે છે. તે પાંચ છે. પીઢ, ફલગ, સિજ્જા સંથારએણં, ઓષધ,, ભેસજ્જેણં

(૩) પ્રતિક્રમણમાં ''સવ્વ પાણ-ભૂય-જીવ-સત્તાણં ક્યાં આવે છે ? તેના અર્થ લખો.

જ.: (૩) પ્રતિક્રમણના ચોથા શ્રમણસૂત્રમાં સવ્વ - સર્વ, પાણ - વિકલેન્દ્રિય ભૂય-વનસ્પતિ, જીવ - પંચેન્દ્રિય, સત્તાણં - પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુકાય.

(૪) જં ઉગ્ગમેણં .......................... ન પરિટ્ઠિવિયં પાઠપૂર્તિ કરો.

જ.: (૪) જં ઉગ્ગમેણં ઉપ્પાયણેસણાએ અપરિસુદ્ધ, પરિગ્ગહિયં પરિભુત્તં વા જં ન પરિટ્ઠિવિય

(૫) **નીચેના શબ્દોના અર્થ લખો :**
૧)ચકખુદયાણં ૨) મજઝં ૩) મણામં ૪) અકરણયા

જ.: (૫) ચક્ખુદયાણં - જ્ઞાનરૂપી ચક્ષુના દેનારા, મજઝં - મારે, મણામં - મનને અતિ વહાલું અકરણયા - ન રાખી હોય.

(૬) નીચેના શબ્દોનું માગધી લખો :
૧) ચોરને મદદ કરી હોય ૨) લોભથી કરેલી ૩) ઉપર બેસીને ૪) વાણીથી સ્તુતિ કરાયેલા.

જ.: (૬) તક્કરપ્પઓગે, લોહાએ, દુરુહીને, કિત્તિય.

પ્રશ્ન - ૪ :મોટા માંગલિકને આધારે જવાબ લખો :

(ક) ૧) શરણાં કેટલાં છે ? કેટલા સમય માટે અંગીકાર કરવાના છે ?

જવાબ -૪ (ક) ૧)શરણાં ૪ છે, તે આ ભવ, પરભવ, ભવોભવ સદાને માટે શરણું અંગીકાર કરવાના છે.

૨) પ્રભુ જેવા નિર્મળ ક્યારે બનાય ?

જ.: ૨) જ્યારે આપણે આપણો ઉપયોગ પ્રભુના ગુણોમાં પ્રવર્તન કરીએ તો પ્રભુ જેવા નિર્મળ થવાય.

૩) રાગ-દ્વેષને હણવા કોનું શરણું લેશું ?

જ.: ૩) રાગ-દ્વેષને હણવા સિદ્ધ ભગવાનનું શરણું લેશું

૪) પ્રભુ મહાવીરના કયા ગણધરનું નામ માંગલિકમાં ક્યાં આવે છે? તે ગણધર કેવા છે?

જ.: ૪) ઈન્દ્રભતિ ગણધર - ગૌતમનું નામ આવે છે. તેઓ અનેક લબ્ધિના ભંડાર છે.

---

પ્રશ્ન - ૫ :ભક્તામરના આધારે જવાબ આપો :નીચેની ગાથા ભાવાર્થ સાથે પૂર્ણ કરો.

૧) ઉચ્ચૈર શોક ............ પાર્શ્વવર્તિ

જવાબ -૫ :૧) ઉચ્ચૈરશોક - તરુસંશ્રિતમુન્મયુખ । માભાતિ રૂપપમલં ભવતિ નિતાન્તમ્ ॥
સ્પષ્ટૌલ્લસત્કિરણ મસ્ત તમોવિતાન, બિમ્બંરવેરિવ પયોધર પાર્શ્વવર્તિ ॥

ભાવાર્થ : હે પ્રભુ ! ઊંચા અશોકવૃક્ષની આશ્રયે બિરાજેલું ઊંચે જતા કિરણો વડે શોભતું આપનું નિર્મળ સ્વરૂપ, મેઘમંડળની પાસે અત્યંત ચમકી રહેલાં અને અંધકારના સમૂહને નાશ કરનારા એવા સૂર્યબિંબ સમું ઘણું શોભે છે.

૨) છત્રત્રયં ............ પરમેશ્વરત્વમ્

જ.: ૨) છત્રત્રયં તવવિભાતિ શશાંકકાન્ત - મુચ્ચૈઃ સ્થિતં સ્થગિતભાનુકર પ્રતાપમ ।
મુક્તાફલ - પ્રકરજાલ - વિવૃદ્ધશોભં, પ્રખ્યાપયત ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ ॥

ભાવાર્થ : ચંદ્ર જેવા ઉજ્જવળ, સૂર્યના કિરણોના પ્રભાવને રોકી રાખનાર અને મોતીની ઝૂલોના સમૂહથી જેની શોભા વધી રહી છે, તેવા આપના મસ્તક ઉપર રહેલાં ત્રણ છત્રો આપનું ત્રણે જગતનું પરમેશ્વરપણું દર્શાવતા શોભી રહ્યાં છે.

૩) સ્વર્ગાપવર્ગ ............ પ્રયોજયઃ

જ.: ૩) સ્વર્ગાપવર્ગગમમાર્ગ વિમાર્ગણેષ્ટ, સદ્ધર્મ - તત્વકથનૈક - પટુસ્ત્રિલોકયામ્ ।
દિવ્યધ્વનિ-ર્ભવતિ તે વિશદાર્થ સર્વ, ભાષા સ્વભાવ-પરિણામ -ગુણૈઃ પ્રયોજ્યઃ॥

ભાવાર્થ : હે પ્રભુ ! આપની અલૌકિક વાણી દેવલોક અને મોક્ષનો માર્ગ બતાવવામાં સહાયક છે. ત્રણે લોકના સત્ય ધર્મના રહસ્ય કહેવામાં અદ્વિતીય, નિપુણ અને કુશળ છે. પદાર્થના વિસ્તૃત, સ્પષ્ટ અર્થ બતાવવામાં તથા સર્વ ભાષાઓના ગુણને પરિણમન કરી શકે તેવા ગુણોથી યુક્ત છે.

૪) વિશ્વના સંપૂર્ણ સદ્ગુણો ક્યાં સમાયેલા છે ? શા માટે ?

જ.: ૪) વિશ્વના સંપૂર્ણ સદ્ગુણો પ્રભુનો આશ્રય કરીને રહ્યા છે કારણ કે બીજે ક્યાંય અવકાશ ન મળવાથી પ્રભુમાં રહેલા છે.

૫) દેવલોકમાં ઉત્પન્ન થતાં ફૂલોનાં નામ લખો.

જ.: ૫) મંદાર, સુંદર, નમેરુ, સુપારિજાત સંતાનક વગેરે.

૬) ત્રણે લોકના તેજસ્વી પદાર્થોના તેજને કોણ ઝાંખા પાડી દે છે ?

જ.: ૬) પ્રભુના મસ્તક પાછળ રહેલા નિતાન્ત, શોભાયમાન ભામંડળની અતિશય તેજસ્વિતા ત્રણે લોકના તેજસ્વી પદાર્થોના તેજને ઝાંખી પાડી દે છે.

**અથવા**

પ્રશ્ન - ૫ :વાર્તાના આધારે જવાબ લખો :

(ક) (૧) કેકયાર્ધ દેશ કેવો હતો ?

**જવાબ-૫ :(ક) (૧) કેકયાર્ધ દેશ વૈભવશાળી મહેલોયુક્ત, કોઈ પણ પ્રકારના ભયથી રહિત, સમૃદ્ધિ, ધન-ધાન્યથી ભરપૂર હતો. દરેક ઋતુમાં ફળ-ફૂલથી યુક્ત, રમણીય, નંદનવન સમાન, મનને પ્રસન કરવાવાળો અને ખૂબ મનોહર હતો.**

(૨) પરદેશી રાજાને લાડવામાં ઝેર કોણે આપ્યું? પરદેશીએ આ વાત જાણ્યા છતાં પણ શું કર્યું ?

જ.: (૨) **તેની પત્ની સૂર્યકાંતાએ, પરદેશી રાજાને ખબર પડી ગઈ કે પોતાની પત્નીએ જ લાડવામાં ઝેર આપ્યું છે છતાં પણ ધર્મનો મર્મ પામેલા હોવાથી તેઓ સમભાવમાં રહ્યા અને દેહ-મમત્વનો ત્યાગ કરી સંથારો કર્યો.**

(૩) જીવ અદૃશ્ય છે તે વાતનું નિરુપણ કરતું દૃષ્ટાંત ટૂંકમાં સમજાવો.

જ.: **(૩) જીવ અદશ્ય છે તે વાત સમજાવવા કેશી સ્વામીએ કઠિયારાનું દષ્ટાંત આપતાં સમજાવ્યું કે જ્યારે કઠિયારાને કહેવામાં આવ્યું કે તમે આ અગ્નિનાં પાત્રમાંથી અગ્નિ લઈ ભોજન બનાવજો અને જો અગ્નિ બુઝાઈ જાય તો આ અરણીના લાકડા વડે ભોજન બનાવજો. હવે જ્યારે અગ્નિ બુઝાઈ ગયો ત્યારે કઠિયારાએ અરણીના લાકડામાં જોયું તો અગ્નિ ન દેખાતાં તેના ૨,૪,૮ ટુકડા કર્યા પણ અગ્નિ ન દેખાયો. આમ સમજાવતાં કેશી સ્વામીએ કહ્યું કે, જે અરણીમાં અગ્નિ અદશ્ય રીતે સમાયેલો છે તે અરૂપી હોવાથી તે દેખાતો નથી તેવી જ રીતે જીવ અરૂપી ગુણવાળો હોવાથી ચક્ષુથી જોઈ શકાતો નથી.**

(૪) વ્યવહારકર્તા કેટલા પ્રકારના છે ? તેમાંથી વ્યવહારી કોણ અને અવ્યવહારી કોણ ?

જ.: **(૪) વ્યવહારકર્તા ચાર પ્રકારના છે : ૧) કોઈ કોઈને દાન આપે છે પણ સારી ભાષામાં બોલતો નથી. ૨) કોઇ સંતોષજનક વાતો કરે છે પણ દાન દેતા નથી. ૩) કોઈ દાન પણ આપે અને લેવાવાળા સાથે સંતોષજનક વાત પણ કરે છે.૪) કોઇ આપતું પણ નથી અને સંતોષજનક વાત પણ કરતું નથી. આમાં પ્રથમ ત્રણ વ્યવહારી છે અને ચોથો અવ્યવહારી છે.**

(૫) કેશીસ્વામીએ પરદેશી રાજા સાથે કેવા શબ્દોમાં કેવો વ્યવહાર કર્યો ? શા માટે ?

જ.: **(૫) કેશી સ્વામીએ અમનોજ્ઞ શબ્દોથી ઉપાલંભયુક્ત વ્યવહાર કર્યો કારણ કે પરદેશી રાજાએ દંડનીતિને સારી રીતે જાણવા છતાં પણ કેશી સ્વામી સાથે તેઓની વિરુદ્ધ વ્યવહાર કર્યો હતો.**

| (ખ) નીચેના વાક્ય કોણ બોલે છે ? | **જવાબ સાથે** |
|---|---|
| (૧) હે ભગવાન ! અમારા રાજા અધાર્મિક છે. | **જવાબ : ચિત્ત સારથી બોલે છે.** |
| (૨) જડ પુરુષ, જડ પુરુષની સેવા કરે છે. | **જવાબ : પરદેશી રાજા બોલે છે.** |
| (૩) હા, હું માનું છું કે જીવ અને શરીર અલગ છે. | **જવાબ : કેશી સ્વામી બોલે છે.** |
| (૪) મને વિના વિલંબે જાણ કરવી. | **જવાબ : ચિત્ત સારથી બોલે છે.** |
| (૫) હે પૌત્ર ! ધર્મ કરવાથી સુખી થવાય છે. | **જવાબ : દાદી (પરદેશીના) બોલે છે.** |
| (૬) હું અધન્ય છું, પુણ્યહીન છું. | **જવાબ : લોહ વાણિયો બોલે છે.** |

(ગ) જીવની ગતિ કેવી છે ? હાથી અને કંથવાનો જીવ કેવો છે ?

**જ.: ગ) જીવની અપ્રતિહત ગતિ છે. હાથી અને કંપવાનો જીવ સમાન પરિમાણવાળો છે.**

**॥ જય જિનેન્દ્ર ॥**